1. જર્મન સેના (લશ્કર)નું નામ આપો.

➢ જર્મન સેના (લશ્કર)નું નામ નાઝી સેના હતું .

2. હિટલર કયા પક્ષના નેતા હતો?

➢ હિટલર "રાષ્ટ્રીય સમાજવાદી જર્મન કામદારોનો પક્ષ" એટલે કે નાઝી પક્ષના નેતા હતો.

3. સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય મથકનું નામ જણાવો.

➢ સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય મથકનું નામ "યુનાઇટેડ નેશન્સ" છે.

4. દ્વિતીય વિશ્વયુધ્ધનો પ્રારંભ કયારે થયો?

➢ 1 સપ્ટેમ્બર, 1939 ના રોજ દ્વિતીય વિશ્વયુધ્ધનો પ્રારંભ થયો હતો.

5. કયાંકયાં રાષ્ટ્રોમાં શસ્ત્રીકરણની ઘેલછા તીવ બની?

➢ જર્મની, ઈટાલી, પોલેન્ડ, ફ્રાન્સ અને જાપાન જેવા રાષ્ટ્રોમાં શસ્ત્રીકરણની ઘેલછા તીવ્ર બની.

6. જર્મનીના ચાર ભાગમાં કયાં રાષ્ટ્રોના વર્ચસ્વવાળી સરકારો સ્થાપિત કરવામાં આવી?

➢ જર્મનીમાં ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, અમેરિકા અને રશિયાના વર્ચસ્વવાળી સરકારો સ્થાપિત કરવામાં આવી.

7. ચીનમાં કોના નેતૃત્વથી સામ્યવાદી શાસનની સ્થાપના થઈ હતી ?

➢ ચીનમાં માઓસેતુંગના નેતૃત્વ હેઠળ થયેલ ક્રાંતિને અંતે સામ્યવાદી શાસન ની સ્થાપના થઈ.

8. દ્વિતીય વિશ્વયુધ્ધને અંતે કઈ બે મહાસત્તાઓ વચ્ચે વિશ્વની નેતાગીરીને મુદ્દે ઠંડુ યુદ્ધ થયું ?

➢ દ્વિતીય વિશ્વયુધ્ધને અંતે અમેરિકા અને રશિયા એમ બે મહાસત્તાઓ વચ્ચે વિશ્વની નેતાગીરીને મુદ્દે ઠંડુ યુધ્ધ શરૂ થયું.

9. "એટલેન્ટિક ખતપત્ર" કોણ તૈયાર કર્યું હતું?

➢ અમેરિકાના પ્રમુખે રૂઝવેલ્ટ અને બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલે 4 ઓગસ્ટ, 1941 ના રોજ આઠ મુદાઓનું "એટલેન્ટિક ખતપત્ર" તૈયાર કર્યું હતું.

10. ઓક્ટોમ્બર, 1943 માં કયા દેશના વિદેશપ્રધાનો વિશ્વશાંતિની ચર્ચા કરવા માટે મોસ્કો ખાતે ભેગા થયા હતા ?

➢ ઓક્ટોમ્બર, 1943 માં બ્રિટન, અમેરિકા, સોવિયત રશિયા તથા ચીનના વિદેશ પ્રધાનો વિશ્વશાંતિ સ્થાપવા માટે મોસ્કો મુકામે એકત્રીત થયેલ.

11. સંયુક્ત રાષ્ટ્રનું ખતપત્ર કોણે તૈયાર કર્યું હતું?

- સપ્ટેમ્બર, 1944 માં ડમ્બાર્ટન ઓક્સ ખાતે 50 રાષ્ટ્રો ના પ્રતિનિધિઓએ ભેગા મળીને સંયુક્ત રાષ્ટ્રોનું ખતપત્ર તૈયાર કર્યું.

12. સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય ધ્યેય કયું છે?

- યુધ્ધને કાયમ માટે બંધ કરી વિશ્વમાં ચિર શાંતિની ઝંખના સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય ધ્યેય છે.

13. આર્થિક અને સામાજીક સમિતિ કયું મુખ્ય કાર્ય કરે છે?

- આર્થિક અને સામાજી કે સમિતિનું મુખ્ય કાર્ય વિશ્વમાં યુધ્ધ અટકાવવા બેકારી અને અજ્ઞાનતાને દૂર કરવામાં અગત્યની ભૂમિકા બજાવવા કાર્ય કરે છે.

14. હિટલરની સામ્રાજયવાદી નીતિનું પહેલું શિકાર કર્યા દેશ બન્યો?

- હિટલરની સામ્રાજયવાદી નીતિનો પહેલો શિકાર ઓસ્ટ્રિયા દેશ બન્યો.

15. જર્મનની સામ્રાજયવાદી નીતિ સામે કયો દેશ અડગ રહ્યો હતો?

- જર્મનીની સામ્રાજયવાદી નીતિ સામે ઈંગ્લેન્ડ અડગ રહ્યો હતો.

16. હિટલર અને રશિયા વચ્ચે કયા દેશોને લઈને ખટરાવ ઊભો થયો હતો ?

- હિટલર અને રશિયા વચ્ચે ઈરાન અને ઈરાક દેશોને લઈને ખટરાવ ઊભો થયો હતો.

17. મિત્રરાષ્ટ્રોએ જાપાનના કયા શહેરો પર અણુબોમ્બ નો હુમલો કર્યો?

- મિત્રરાષ્ટ્રોએ જાપાનના હિરોશીમા અને નાગાસાકી નામના બે શહેરો પર અણુબોમ્બના હુમલા કર્યા.

18. બિજા વિશ્વયુદ્ધ પછી કયાં યુધ્ધની શરૂઆત થઈ?

- બિજા વિશ્વયુદ્ધ પછી ઠંડા યુધ્ધની શરૂઆત થઈ.

19. સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા કોના દ્વારા રચાયેલ છે ?

- સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા બધાં જ રાષ્ટ્રોના સભ્યો ના પ્રતિનિધિઓની બનેલી છે.

20. સલામતી સમિતિમાં કેટલા સભ્યો કાયમી છે ?

- સલામતી સમિતિમાં કુલ 15 સભ્યો પૈકી 5 સભ્યો કાયમી હોય છે.

21. આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશો ના હોદ્દાની મુદ્દત કેટલી હોય છે ?

- આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશો ના હોદ્દાની મુદત 9 વર્ષનો હોય છે.

22. સંયુક્ત રાષ્ટ્રોની વાલી સમિતિ કયું કાર્ય કરે છે ?

- સંયુક્ત રાષ્ટ્રોની વાલી સમિતિ વિવિધ પ્રદેશોની જનતાની આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક પ્રગતિની સંભાળ રાખે છે.

23. .U.N. ની સલામતી સમિતિમાંથી પાસેથી કઈ સત્તા દૂર થવી જરૂરી છે ?

- U.N. ની સલામતી સમિતિમાંથી "વિટો" ની સત્તા દૂર થવી જરૂરી

24. U.N. ના હાથ નીચે કયા સંગઠનની રચના કરવી જરૂરી છે?

- U.N. ના હાથ નીચે આંતરરાષ્ટ્રીય સૈનિક દળની રચના કરવી જરૂરી છે.

25. દ્રીતીય વિશ્વયુદ્ધનો અંત ક્યારે આવ્યો ?

- 14 ઓગસ્ટ 1941 ના રોજ દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

26. વિશ્વશાંતિ માટે એફ. ડી. રૂઝવેલ્ટે કયું ખતપત્ર તૈયાર કર્યું?

- વિશ્વશાંતિ માટે એફ. ડી. રૂઝવેલ્ટે 'એટલેન્ટિક ખતપત્ર' તૈયાર કર્યું.